સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી
અતિ પછાત જાતિ, વધુ પછાત જાતિ તેમજ
વિચરતી –વિમુક્ત જાતિના ધોરણ ૧૧ અને ૧૨માં
માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને
ખાનગી ટયુશન સહાય આપવા બાબત.
રૂ.૫૦.૦૦ લાખ વર્ષ ૨૦૧૪-૧૫

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૪/ ન.બા-૭૪૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 13 AUG 2014

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૫/૫/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૪-૧૫/૧૧૦૬

**ઠ રા વઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી અતિ પછાત જાતિ, વધુ પછાત જાતિઓ તેમજ વિચરતી- વિમુક્ત જાતિની ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલી નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા હોવાથી ખાનગી ટયુશન ફી ભરી શકતા નથી. અને તબીબી અને ઇજનેર જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકતા નથી. તેથી આવા વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન સહાય આપવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ વંચાણ હેઠળના તા. ૫/૫/૨૦૧૪ ના પત્રથી આ અંગે રૂ. ૫૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત કરેલ હતી. જેનો વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકી અતિ પછાત જાતિ, વધુ પછાત જાતિઓ તેમજ વિચરતી- વિમુક્ત જાતિના ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પૈકીના ૫૦૦ વિદ્યાર્થીઓને ધોરણ ૧૧ માં પ્રથમ વર્ષે રૂ. ૧૫,૦૦૦/- તથા ધોરણ ૧૨ માં બીજા વર્ષે રૂ. ૧૫,૦૦૦/- મળી એમ કુલ રૂ. ૩૦,૦૦૦/- ની ખાનગી ટયુશન સહાય આપવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદાનુ ધોરણ રૂ. ૧,૫૦,૦૦૦/- રાખવા માટે રૂ. ૫૦.૦૦ લાખની કરેલ જોગવાઇનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત

ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુ જાતિ/અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ , મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર (૩૩) અતિ પછાત જાતિ અને વિચરતી- વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ટયુશન માટે પ્રોત્સાહક સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(નાણાં )ની તા. ૨૩/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી/જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિ.જા)(નિયામકશ્રી(વિ.જા)માર ફત)
- સેકશન અધિકારીશ્રી, ગ, અ, બ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.